ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૦ ટકા ● સાંજે ૬૧ ટકા

# શહેરમાં આ વર્ષે ઉંધીયું મોંઘુ પડશે

## રૂ. ૩૦૦ના ભાવથી વેચાતું ઉંધીયું રૂ. ૩૬૦નું થયું : કમોસમી વરસાદ-વાદળછાયા વાતાવરણની અસર શાકભાજી પર પડી

ગાંધીનગર, તા.૧૦

લીલા શાકભાજીના ભાવમાં વધારો થવાને કારણે શિયાળામાં ઉંધીયું મોંઘું મળી રહ્યું છે. તાજેતરમાં કમોસમી વરસાદ અને વાદળ છાયા વાતાવરણના કારણે ભાવવધારો થયો છે. જેમાં મોસમી લીલા શાકભાજી, કઠોળ, લીલા રીગણાં, લીલું લસણ, વસંત ડુંગળી ઉપરાંત મૂળ શાકભાજી જેમ કે શકકરીયા અને જાંબલી રતાળુ મોંઘા થયા છે. આ સામગ્રી ઉંધીયામાં મુખ્ય હોવાથી ઉંધીયાના ભાવ આસમાને પહોંચ્યા છે.

હાલમાં દરેક શાકભાજીના છૂટક ભાવ ૧૦૦ રૂ.થી ૧૨૦ રૂ.ની આસપાસ હોય છે. દર વર્ષે ફરસાણ-મીઠાઈની દુકાનોમાં ઉંધીયું પ્રતિ કિલોએ રૂ.૩૦૦ના ભાવથી વેચાતું હતું જે અત્યારે રૂ. ૩૬૦ના ભાવથી વેચાઈ રહ્યાનું વેપારી વર્ગ જણાવી રહ્યો છે. નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં કમોસમી વરસાદને કારણે શિયાળાની શાકભાજીની સારી લણણીમાં જીવાતોનો ઉપદ્રવ થયો છે. જેના લીધે લીલા શાકભાજીના પાકને ઘણું નુકસાન થયું છે. હાલમાં શાકભાજીની ઓછી આવક છે અને લગ્ન સિઝનમાં વધુ શાકભાજીની જરૂરિયાત ઉભી થઈ હોવાથી અન્ય રાજયોમાંથી લીલા શાકભાજી મંગાવવા પડી રહ્યા છે. જેના લીધે મોટાભાગના લીલા શાકભાજીના ભાવોમાં ૧૦ ટકા સુધીનો વધારો થયો છે.



**શાકભાજી છૂટકભાવ**

| | |
|---|---|
| ટામેટા | ૭૦ રૂ. |
| લીલું લસણ | ૧૨૦ રૂ. |
| વાલોળ | ૬૦ રૂ. |
| રીંગણ | ૫૦ રૂ. |
| ગવાર | ૧૦૦ રૂ. |
| સરગવો | ૨૦૦ રૂ. |
| લીલી ડુંગળી | ૫૦ રૂ. |
| શક્કરિયાં | ૬૦ રૂ. |
| સુરણ | ૪૦-૫૦ રૂ. |

ટામેટાના ભાવોએ માસિક બજેટને ઉથલાવી નાંખ્યું છે. એક મહિનાથી છૂટક બજારમાં ટામેટાનો ભાવ ૭૦-૮૦ રૂ. કિલો છે જયારે અમુક વિસ્તારમાં ૧૦૦ રૂ. કિલોથી વેચાઈ રહ્યા છે. ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે કર્ણાટકમાંથી ટામેટાં ખરીદવાની ફરજ પડી રહી છે.

શિયાળામાં શહેરીજનો સૌથી વધારે ઉંધીયું ખાય છે પરંતુ આ વર્ષે ઉંધીયું ખાવું મોંઘુ પડશે તેવી સ્થિતિ વર્તાય છે. સાથે જ શાકભાજીના ભાવમાં વધારો થવાથી હોટલોમાં શાક ખાવા મોંઘા પડશે. શહેરની તમામ હોટલો આજકાલ ફુલ જોવા મળી રહી છે. જેમાં ભાવવધારાની અસર હવે જોવા મળશે. મોંઘવારીનો માર સામાન્ય જનતા માટે કઠિન બની જાય છે. ગૃહિણીઓના બજેટ ખોરવાઈ જાય છે. લીલા શાકભાજી શિયાળામાં વધારે મળતા હોવાથી ગૃહિણીઓ તેની ખરીદી વધારે કરે છે પરંતુ હવે પર્સમાંથી પૈસા કાઢતા પહેલાં શાકભાજીના ભાવ તરફ એક નજર કર્યા બાદ ગૃહિણીઓ પણ શાકભાજી લેવાનું ટાળશે અથવા ઓછું શાકભાજી ખરીદશે. શિયાળામાં તંદુરસ્તી જાળવી રાખવા માટે અવનવા સુપ, જયુસ, શાક બનાવવામાં આવે છે હવે સુપ અને જયુસ પણ મોંઘા થઈ જશે.

## જન્મદિને વધામણી



ઝંખના મેહુલ શાહ
મો. ૯૫૩૭૭ ૭૨૨૫૬



હાર્દિક મારૂ
મો. ૭૮૭૪૩ ૩૫૫૬૬

# હોમગાર્ડની ભરતી પ્રક્રિયામાં ગેરરીતિના આક્ષેપ

ગાંધીનગર, તા.૧૦

રાજયમાં હાલ હોમગાર્ડની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે જે માટે પ્રેકટિકલ પરીક્ષા ચાલી રહી છે ત્યારે ગાંધીનગર ખાતે પણ તાજેતરમાં હોમગાર્ડની ભરતી પ્રક્રિયાને લઈ પ્રેકિટકલ પરીક્ષા લેવાઈ હતી. જો કે તેમાં ગેરરીતિ આચરવામાં આવી હોવાના આક્ષેપ કરવામાં આવી રહ્યા છે. આ અંગે ઉમેદવારોએ હોમગાર્ડ યુનિટના ડીજીપીને લેખિતમાં રજુઆત કરી છે. તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલી હોમગાર્ડની ભરતીમાં ઘણા ઉમેદવારોને જાણ કર્યા વિના જ ભરતી કરી દેવાના આક્ષેપ સાથે હોમગાર્ડ યુનિટના ડીજીપીને ઉમેદવારો દ્વારા લેખિતમાં ફરિયાદ કરી ન્યાય માટે રજૂઆત કરી છે.

ગુજરાત સરકાર નવયુવાન ઉમેદવારોને વધુમાં વધુ રોજગારી મળી રહે તે માટે યથાર્થ પ્રયત્નો કરી રહી છે પરંતુ આ ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોની લાયકાત હોવા છતાં તેને નિરાશા હાથ લાગી છે. જે અન્વયે ઉમેદવારો દ્વારા હોમગાર્ડ યુનિટના ડીજીપીને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. હોમગાર્ડની ભરતી પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાયેલા ઉમેદવારોએ આક્ષેપ કર્યો છે કે હોમગાર્ડની ભરતીમાં ખુલ્લે આમ ગેરરીતિ આચરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં હોમગાર્ડની ભરતી બહાર પાડવામાં આવી હતી. ઉમેદવારોએ સચિવાલયમાં કલાકો સુધી લાઈનમાં ઉભા રહીને ફોર્મ મેળવી ફોર્મ ભરી જમા કરાવ્યા હતા. ઉમેદવારો પ્રેકિટકલ પરીક્ષાની રાહ જોઈ રહ્યા હતા પરંતુ ઉમેદવારો રાહ જ જોતા રહ્યા અને લાગતા વળગતાઓને બોલાવી સે-૧૫ના ગ્રાઉન્ડમાં હોમગાર્ડની પ્રેકિટકલ પરીક્ષા યોજી દેવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે. ઘણા ઉમેદવારોને પ્રેકિટકલ પરીક્ષાની કોઈ પણ રીતે જાણ જ કરવામાં ન આવી હોવાનો અરજીમાં ઉલ્લેખ કરાયો છે ત્યારે આવા ઉમેદવારો ભરતી પ્રક્રિયાની જાણ થતાં સે-૧૫ના ગ્રાઉન્ડ પર પહોંચી ગયા હતા. જયાં તેઓને જિલ્લાના ૭ કીમીના અંદર આવતા જ ઉમેદવારોને ભરતી માટે બોલાવવામાં આવ્યા હોવાનું કહી દેવાયું હતું. તેના પ્રત્યુત્તરમાં ઉમેદવારોએ રજુઆત કરી કે ભરતી બહાર પાડવામાં આવી ત્યારે પરિપત્રમાં તો એવો કોઈ ઉલ્લેખ કર્યો નથી. આખરે ન્યાય ન મળતાં ૩૦ જેટલાં ઉમેદવારોએ પોલીસ ભવન, તકેદારી આયોગ ગૃહ વિભાગ સહિત ઉચ્ચ કક્ષાએ લેખિત ફરિયાદ આપી છે. ઉમેદવારોએ જણાવ્યું છે કે અમારી જાણ મુજબ ભરતીમાં ૭ કિમી સિવાયના પણ ઘણા ઉમેદવારોને બોલાવીને ભરતી કરવામાં આવી છે. ઉમેદવારોની માંગણી છે કે ભરતી રદ કરી ફરીથી કરવામાં આવે જેથી અમારા જેવા બેરોજગાર અને લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારી મળી રહે.

# શહેરના એક કરદાતાનું આવકવેરા રીફંડ અટવાયું

ગાંધીનગર, તા. ૧૦

ભારત સરકાર દ્વારા આવકવેરા રીટર્ન ફાઈલ કરતાં કરદાતાઓને તેમના રીફંડના નાણાં સમયસર મળી જાય તે હેતુથી સીધા કરદાતાના બેંક ખાતામાં જમા કરી દેવાની પદ્ધતિ અપનાવેલી છે. ડિજીટલ્સ ઈન્ડિયાના આ યુગમાં ગાંધીનગરના એક કરદાતાનું વર્ષ ૨૦૨૦-૨૧નું આવકવેરા રીટર્ન ફાઈલ કર્યા પછી મળવાપાત્ર રીફંડ રૂ. ૧૦,૧૨૦ ઈન્કમ ટેકસ ડિપાર્ટમેન્ટ દ્વારા જમા આપવામાં આવતું નથી તેવો કરદાતાએ આક્ષેપ કર્યો છે.

ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં રહેતા ઘનશ્યામ શાં. બુચ નામના કરદાતાએ તેમનું વર્ષ ૨૦૨૦-૨૧નું આવકવેરાનું ઈ-રીટર્ન નં. ૮૩૦૪૮૩૯૦૧૬૧૨૨૦ ઓનલાઈન ફાઈલ કર્યુ હતુ. આ ઈ-રીટર્નના આધારે તેમને રૂ. ૧૦,૧૨૦નું રીફંડ આઈટી એકટ ૧૪૩(૧) અંતર્ગત ઓગષ્ટ-૨૦૨૧ના હુકમ અનુસાર રીફંડ સીકવન્સ નં. ૯૦૬૯૫૪૫૦૬૮ થી મળવાપાત્ર થયું છે. જો કે કરદાતાના જણાવ્યાં અનુસાર તેમના પ્રયત્નો છતાં આવકવેરા વિભાગ આ રકનું રીફંડ તેમના બેંક ખાતામાં જમા કરતુ નથી. આ સાથે કરદાતાએ એવો પણ આક્ષેપ કર્યો છે કે તેમના માહિતગાર સાધનોના કહેવા અનુસાર કેન્દ્રના નાણાં વિભાગની સૂચના છે કે નાણાં રીફંડ કરવા નહી, કરદાતા કંટાળીને રકમ જતી કરશે, જોકે આવી કોઈ લેખિત સૂચના સરકારી ખાતુ આપે નહીં તેનો પણ નિર્વિવાદપણે સ્વીકાર કરે છે.

# કરાઓકે સંગીત સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

કરાઓકે સંગીત સ્પર્ધા ૨૦૨૧ કાર્યક્રમનાં ફાઈનલ રાઉન્ડનું આયોજન ૧૫ તારીખે કરેલ છે. જે બપોરે ૨.૦૦ કલાકે શ્રી મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો, ૧૨૪-સનરાઈઝ આર્કેડ, મારુતિ નેક્ષા શૉ રૂમની બાજુમાં, કુડાસણ ખાતે યોજાશે. મહાન પાર્શ્વગાયક સ્વ.મો. રફીની ૯૭મી જન્મજયંતિ નિમિત્તે સ્વરાંજલી આપવા માટે મનોરંજન મ્યુઝિકલ સ્ટુડિયો આયોજીત 'મેરી આવાઝ સુનો' દ્વારા ગાંધીનગર-અમદાવાદનાં તેમજ આજુબાજુનાં વિસ્તારનાં અનુભવી/બિન અનુભવી કલાકારોને કરાઓકે ટ્રેક શૉ દ્વારા પોતાના અવાજમાં ગીતોની રજૂઆત કરવા માટે તેમજ એક સારું પ્લેટફોર્મ પુરું પાડવાના હેતુથી ફાઈનલ રાઉન્ડનું આયોજન કરેલ છે. જેમાં અમદાવાદનાં જાણીતા પ્રોફેશનલ સિંગર અભિજીત રાવ નિર્ણાયક તરીકે તેમજ ઉમેશ મખીમ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. આ અંગે વધુ માહિતી માટે મો.નં. ૮૮૪૯૪ ૫૪૪૦૫ તેમજ ૯૪૨૭૩ ૧૮૦૭૩ ઉપર સંપર્ક કરવા જણાવાયું હતું.

# શહેરના ૬-૭ કટ પાસે ઈકોની અડફેટે રાહદારીનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના ઘ માર્ગ પર ૬-૭ ના કટ પાસે ઈકો કારની અડફેટે આવી જતા રીદ્રોલ ગામના રાહદારીનું મૃત્યુ નિપજયુ હતું. વૃધ્ધ માર્ગ ઓળંગી રહ્યા હતા તે સમયે ઈકોની ટક્કર વાગી હતી. ઈજાગ્રસ્ત વડીલને સારવાર માટે લઈ જવાયા હતા. જયાં તેઓનું સારવાર દરમિયાન મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલમાં સારવાર માટે આવેલા રીદ્રોલ ગામના ૯૦ વર્ષિય જીવણલાલ પટેલને ૬-૭ ના કટ પાસે ઈકો કારનં. જી.જે.૦૧.ડબલ્યુબી-૬૬૯૦ ચાલકે ગમે તેમ વાહન હંકારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં વડીલને માથાના ભાગે વધુ ઈજા પહોંચતા ગાંધીનગર થી અમદાવાદ ખાતે લઈ જવાયા હતા. જયાં ઈજાગ્રસ્ત જીવણલાલનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયુ હતું. અકસ્માત અંગે મૃતકના ભત્રીજાએ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.





સલામત સવારી માટે ટ્રાફિકના નિયમોનું પાલન થવું જરુરી છે. ટ્રાફિક પોલીસ વારંવાર આ માટે ઝુંબેશ આદરે છે તો પણ શહેરીજનો તેને ગંભીરતાથી અનુસરતા નથી. આજે ફરીથી ટ્રાફિક વિભાગ પુનઃ કાર્યરત થયું હોય તેવું લાગી રહ્યું છે. ટ્રાફિકના નિયમોના પાલન માટે ચ-રોડ પર ઝુંબેશ શરૂ કરાઈ હતી. હેલ્મેટ ન પહેરનાર અને સીટ બેલ્ટ ન પહેરનાર વાહનચાલકો પાસેથી દંડ વસુલવામાં આવ્યો હતો.

# સેકટર-૨૫ જીઆઈડીસીમાંથી ચોરી થયેલા બાઈકનો ભેદ ઉકેલાયો



ગાંધીનગર, તા.૧૦

આજ થી બે દિવસ અગાઉ સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાંથી બાઈકની ઉઠાંતરી થઈ હતી. આ બાઈક ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં એલસીબી-૨ એ ઉકેલી દીધો છે. એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પરિણામલક્ષી કામગીરીમાં કાર્યરત હતા. તે સમયે હે.કો.બેચરભાઈ અને પો.કો.વિક્રમસિંહને બાતમી મળી હતી કે સેકટર-૨૫ જીઆઈડીસીમાંથી બજાજ કંપનીનું લાલ કલરનું સીટી-૧૦૦ બાઈક જી.જે.૧૮.ડી.ડી.૫૧૯૫ સાથે સમર્પણ સર્કલ થી એક શખ્સ મેહુલકુમાર જીવાજી ઠાકોર (રહે. કડવાસણ ઠાકોરવાસ તાજી મહેસાણા)ને પકડી પાડી રૂ.૨૦ હજારનું બાઈક કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસીમાં 'વર્લ્ડ પેશન્ટ સેફટી ડે' ઉજવાયો




ગાંધીનગર, તા.૧૦

અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બીઆરઆઈ, અડાલજના એનએસએસ સેલ દ્વારા 'વર્લ્ડ પેશન્ટ સેફટી ડે' નિમિત્તે હેલ્થ અવેરનેસ પ્રોગ્રામ યોજાયો હતો. જેમાં નિ:શુલ્ક ચેકઅપ તથા કોરોનાના કપરા સમયમાં કેવી સાવચેતી રાખવી તેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં સેમેસ્ટર-૮ના ૪૮ જેટલા વિદ્યાર્થીઓ તથા ૫ જેટલા પ્રોફેસરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમ ઘનશ્યામભાઈ પટેલના નેતૃત્વ હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું.

# સરસ્વતી વિદ્યાલયમાં વિશ્વ માનવ અધિકાર દિવસ ઉજવાયો




ગાંધીનગર, તા.૧૦

સરસ્વતી વિદ્યાલયમાં વિશ્વ માનવ અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી અંતર્ગત એક નાટક તેમજ વકતૃત્વનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતૃત્વમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓએ માનવ અધિકાર દિન સંદર્ભે અસરકારક વકતવ્ય આપ્યું હતું તથા માનવ અધિકારોને વ્યકત કરતું એક નાટક રજૂ કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષક તેજસભાઈ પટેલે વિદ્યાર્થીઓને માનવ અધિકાર દિન વિશે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. શાળાના આચાર્યએ જીવનમાં શિસ્ત, સભ્યતા, વિનમ્રતા જેવા ગુણોના મહત્વ વિશે વિદ્યાર્થીઓને જણાવ્યું હતું.

# અખિલ ભારતીય સંસ્કાર ભારતીમાં મેઘાણી-ગીતો ગુંજયા

ગાંધીનગર, તા.૧૦

અડાલજ ત્રિમંદિર ખાતે અખિલ ભારતીય સંસ્કાર ભારતીની સાધારણ સભા યોજાઈ હતી. જેમાં મેઘાણી ગીતો ગુંજયા હતા. 'હે સ્વતંત્ર ભારતી ઉતારે તેરી આરતી' જેવા મેઘાણી ગીતો રજુ કરવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જંયતિ નિમિત્તે વિશિષ્ટ સ્વરાંજલિ અર્પણ કરી હતી. આ કાર્યક્રમમાં ખ્યાતનામ લોકગાયક અને સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતના ઉપાધ્યક્ષ અભેસિંહ રાઠોડ સાથે રાધાબેન વ્યાસ, કલ્યાણીબેન કૌઠાળકર, માયાબેન ચૌહાણે ઝવેરચંદ મેઘાણી રચિત ગીતો અને સંશોધિત સંપાદિત લોકગીતોની રમઝટ બોલાવી હતી. ગુજરાત રાજયના પૂર્વ ગૃહ તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી અને સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદીએ પણ સંગત કરી હતી. ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના મહામાત્ર અને સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતના કોષાધ્યક્ષ ડૉ. જયેન્દ્રસિંહ જાદવે વિદ્વતાભર્યું રસપ્રદ સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણી ઉપરાંત ચલચિત્ર-નાટકના જાણીતા અભિનેતા પદ્મશ્રી મનોજ જોષી, મહાભારત ટીવી સિરિયલમાં ભગવાન કૃષ્ણના પાત્રને જીવંત કરનાર અદાકાર નિતિશ ભારધ્વાજ, અખિલ ભારતીય સંસ્કાર ભારતીના સંરક્ષક યોગેન્દ્રબાબા, અધ્યક્ષ વાસુદેવ કામત, સંગઠનમંત્રી અભિજિત ગોખલે, મંત્રી રવીન્દ્ર બેડેકર, સંયોજક ઓજસભાઈ હિરાણી અને નીતિનભાઈ દવે, સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંતના ઉપાધ્યક્ષ રમણીકભાઈ ઝાપડીયા, મહામંત્રી જયદીપભાઈ રાજપૂત, સહ કોષાધ્યક્ષ જગદીશભાઈ જોષી, સંપર્ક મંત્રી કૈલાસભાઈ ત્રિવેદી, સંયોજક સી.ટી. પ્રજાપતિ સહિત ભારતભરમાંથી આવેલ કલાક્ષેત્રની આઠેય વિદ્યાશાખાના ૨૫૦ જેટલાં નામાંકિત વિદ્વાનો-કલાકારો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.




## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. માકડીયા માણેકબેન મનજીભાઈ, ઉ.વ. ૯૧, અડાલજ
- સ્વ. દેસાઈ મણીબેન હીરાભાઈ, ઉ.વ. ૯૬, સેકટર-૨
- સ્વ. મેસરિયા જગદીશભાઈ શિવાભાઈ, ઉ.વ. ૪૬, મહુન્દ્રા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. સૂર્યવંશી ફાલ્ગુની પ્રવિણચંદ્ર, ઉ.વ. ૨૬, અડાલજ